GJBK010002642015

**:– આંક. ૫ અન્વયે હુકમ :–**

(૧) આ કામના એપેલેન્ટ/પ્રતિવાદીના વિ. વ. શ્રી. એમ. પી. કોહલીને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ રૂા. ૨૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) મેળવવા માટે દાવો કરેલો. જે દાવો નામદાર ટ્રાયલ કોર્ટે અંશત: મંજૂર કરેલો અને આ કામના પ્રતિવાદીને દાવા મુજબની લ્હેણી રકમ રૂા. ૨૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) ૬% વ્યાજ સાથે ચૂકવી આપવાનો હુકમ કરેલો અને પ્રતિવાદી જો નિયત સમયમાં આ રકમ ચૂકવી ન આપે તો, વાદી પ્રતિવાદીની સ્થવાર તથા જંગમ મિલકતમાંથી રકમ મેળવવા હકકદાર રહેશે તે મુજબનો હુકમ અને હુકમનામું કરેલ છે તે હુકમ અને હુકમનામાને આ કામના પ્રતિવાદીએ અપીલ કરી પડકારેલ છે. વધુમાં તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે અપીલમાં તેમને સફળ થવાના પૂરેપુરા ચાન્સ છે. આ કામે નામદાર ટ્રાયલ કોર્ટે તેમની દલીલો ધ્યાને લીધા સિવાય ચૂકાદો આપેલ છે. આ કામે પ્રતિવાદીનો એવો સ્પષ્ટ બચાવ હતો કે, આ કામના વાદી રૂા. ૨૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) જેટલી માતબાર રકમ પ્રતિવાદીને ચૂકવી આપવા માટે સક્ષમ જ ન હતા અને તે બાબતે તેમણે વાદીની ઉલટતપાસ કરેલ છે અને તેમની ઉલટતપાસ કરી તે વિગતો રેકર્ડ ઉપર લાવેલ છે કે, વાદીને આટલી મોટી માતબાર રકમ આપવા માટેની કોઇ સક્ષમતા ન હતી તેમ છતાં નામદાર ટ્રાયલ કોર્ટે તે બાબતે સમગ્ર હુકમમાં ચર્ચા ન કરી વાદીનો દાવો મંજૂર કરી દીધેલ છે. તેમનો અપીલ જીતવાનો પૂરેપુરો ચાન્સ હોવાથી તેમણે હાલની અરજી નામદાર ટ્રાયલ કોર્ટનનું હુકમનામું સ્ટે કરવા માટે રજૂ કરેલ છે અને રજૂઆત કરેલ છે કે, જો હુકમનામું સ્ટે કરવામાં ન આવે તો, તાજેતરના નામદાર સુપ્રિમકોર્ટના

ચૂકાદા પ્રમાણે વાદી દરખાસ્ત ફાઇલ કરે ત્યારથી ૬–માસની અંદર એક્ઝીક્યુશન પીટીશન પૂર્ણ કરી દેવી તેવું જે માર્ગદર્શન આપેલ છે તે પ્રમાણે તેમને જો સ્ટે આપવામાં ન આવે તો અને વાદી જો દરખાસ્ત દાખલ કરે તો તેમની અપીલનો કોઇ અર્થ રહે નહીં અને તેમને ઘણું મોટું નુકસાન જાય તેમ છે. તે સંજોગોમાં તેમની હાલની આ આંક.૫ ની હુકમનામું સ્ટે કરવા માટેની અરજી મંજૂર કરવા માટે દલીલ કરેલ છે અને પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુબજના બે ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. ૨૦૦૯(૦) એઆઇજેઇએલ– એચસી ૨૨૨૯૬૭
   હર્ષદકુમાર કાંતિલાલ ભાલોદવાળા વિ.
   ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલ

૨. ૨૦૨૫(૦) એઆઈજેઇએલ–એસસી ૭૫૯૫૯
   લાઇફસ્ટાઇલ ઈક્વિટીઝ સી. વી. અને બીજા વિ.
   એમેઝોન ટેકનોલોજીસ ઇન્ક.

વધુમાં તેઓ તેમની દલીલોમાં જણાવે છે કે, આ કામે જો તેમની હાલની અરજી સંપૂર્ણપણે મંજૂર કરવાના મત ઉપર અદાલત ન આવે તો, તેમણે વૈકલ્પિક દાદ મેળવવા માટે રજૂઆત કરેલ છે કે, આ કામના એપેલેન્ટ/ પ્રતિવાદી જે જમીન ધરાવે છે તે જમીન વાદીને સીકયોરીટી તરીકે આપવા તૈયાર છે અને તે તેઓએ વેલ્યુબલ સીકયોરીટી તરીકે સ્વીકારવી જોઇએ. એપેલન્ટને નાણાં ચૂકવવા માટેનો હુકમ કરવો જોઇએ નહીં. વધુમાં તેઓ તેમની દલીલોમાં જણાવે છે કે, અલબત્ત આ કામે તેઓ જે જમીન વેલ્યુબલ સીકયોરીટી તરીકે આપવા માટે તૈયાર છે તેના ઉપર બોજો છે પરંતુ તે બોજો તેઓ ટૂંક સમયમાં દૂર કરાવી દેશે. આમ તેમણે તેમની અરજી બિનશરતી મંજૂર કરવા અને વિકલ્પે વેલ્યુબલ સીકયોરીટી તરીકે જમીન સ્વીકારી હાલની અરજી મંજૂર કરવા માટે દલીલ કરેલ છે.

(૨) આ કામે રીસ્પોન્ડન્ટ /વાદી તરફે વિ. વ. શ્રી જે. ડી. પટેલ હાજર થયેલ છે અને તેમણે તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે

નામદાર ટ્રાયલ કોર્ટે હુકમ અને હુકમનામામાં કોઇ ભૂલ કરેલ નથી. નામદાર ટ્રાયલ કોર્ટનું હુકમ અને હુકમનામું તદ્દન યોગ્ય છે. તેઓ વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, આ કામે વાદીએ દાવા દરમ્યાન પોતાનો લેખિત અને મૌખિક પુરાવો રજૂ કરેલ છે તથા નોટરીને પણ સોગંદ ઉપર તપાસેલા છે. આ કામે પ્રતિવાદીએ વાદીને લેખ કરી આપેલ છે અને તે લેખ જોવામાં આવે તો, તેમણે તેમની જરૂરીયાત પ્રમાણે વાદી પાસેથી રૂા. ૨૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા)લીધેલા તે કબુલેલા છે અને તે ૫–માસમાં પરત કરવા બંધાયેલાનું સ્વીકારેલ છે અને તે જે મુદત પૂરી થયેથી લીધેલ રકમ પરત ચૂકવી ન આપે તો તમામ રકમ તે વસુલવા હકકદાર રહેશે તેવું તેમણે લખાણ કરી આપેલ છે. આમ, રૂા. ૨૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) આ કામના વાદીએ પ્રતિવાદીને ચૂકવી આપેલ છે અને તે પ્રતિવાદીએ પોતાને મળી ગયેલ હોવાનું સ્વીકારી સ્વેચ્છાએ નોટરી રૂબરૂ તે અંગેનું લખાણ પણ કરી આપેલ છે. આમ જે તેની વિરૂધ્ધ હુકમ અને હુકમનામું થયેલું છે તે યોગ્ય છે. હુકમનામું મનીડીક્રી છે અને મનીડીક્રીમાં તેને પૂરેપુરી રકમ જમા કરાવવાનો હુકમ કરવો જોઇએ. અદાલત જો પૂરેપુરી રકમ જમા કરાવવાના તારણ ઉપર ન આવે તો ૫૦% રકમ ડિપોઝીટની રકમ જમા કરાવવા હુકમ કરવા માટે તેમણે દલીલ કરેલ છે અને તે રકમ પણ વાદીને ચૂકવી આપવા માટે તેમણે રજૂઆત કરેલ છે. વધુમાં તેઓ તેમની દલીલોમાં જણાવે છે કે, જો એપેલેન્ટ/પ્રતિવાદીની અપીલ મંજૂર થાય તો વાદી ૬% વ્યાજ સહ પ્રતિવાદીને તે રકમ ચૂકવી આપશે. આમ તેમણે રજૂઆત કરેલ છે કે, હાલના તબકકે અપીલનું મેરીટ જાળવાનું ન હોવાથી કાયદા મુજબ મનીડીક્રી હોવાથી તેમણે હાલની અરજી નામંજૂર કરવા વિકલ્પે શરતી હુકમ કરવા માટે દલીલ કરેલ છે.

(૩) બંનેની દલીલો ધ્યાને લીધી. અરજી વંચાણે લીધી. આ કામે વાદી/રીસ્પોન્ડન્ટે લ્હેણી રકમ વસુલ કરવા માટે દાવો દાખલ કરેલો જે દાવો ટ્રાયલ કોર્ટે મંજૂર કરેલ છે તેની સામે પ્રતિવાદી/એપેલેન્ટે અપીલ કરેલ છે અને હાલની આ અરજી કરી નામદાર ટ્રાયલ કોર્ટે જે હુકમ અને હુકમનામું કરેલ

છે તે સ્ટે કરવા માટે અરજ કરેલ છે. અત્રેની અદાલતે હાલના તબકકે અપીલનું સંપૂર્ણ મેરીટની ચર્ચા કરી તેને નોંધવાની જરૂર નથી જેથી સંપૂર્ણ અપીલ નિર્ણીત થઈ જાય તે રીતના તારણ ઉપર આવવાની પણ જરૂર નથી. અત્રે એ નોંધવું યોગ્ય છે કે, આ કામે એપેલેન્ટ/પ્રતિવાદીના જણાવ્યા પ્રમાણે રીસ્પોન્ડન્ટ/વાદી રૂા. ૨૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) જેટલી માતબાર રકમ ચૂકવી આપવા સક્ષમ ન હતા. જયારે રીસ્પોન્ડન્ટ/ વાદીના જણાવ્યા મુજબ તેણે એપેલેન્ટ/પ્રતિવાદીને તે રકમ ચૂકવી આપેલ છે અને ઉલટતપાસ દરમ્યાન તેણે કયાંથી તે રકમ લાવેલ તેનો પણ ખુલાસો કરેલ છે અને એપલેન્ટ/ પ્રતિવાદીએ તેને તે રકમ મળી ગયેલ છે તે બાબતનું લખાણ પણ કરી આપેલ છે અને લખાણ/ એકરારનામાને તેણે કયાંય ચેલેન્જ કરેલ નથી તેવા જે જુદા જુદા બંને પક્ષકારો તરફથી બચાવ લીધેલ છે તે બચાવનો હાલના તબકકે નિર્ણય કરવો યોગ્ય નથી કારણ કે, હાલની અરજી માત્ર હુકમનામું સ્ટે કરવું કે નહીં અને સ્ટે કરવું તો તે શરતી કરવું કે બિનશરતી કરવું તેના જ નિર્ણય માટેની છે. અત્રેની અદાલતે માત્ર પ્રાઈમાફેસી પોતાનું મંતવ્ય આપવાનું છે. આ કામે ઉપર જણાવ્યું તેમ અપીલમાં ઉપરોકત મુદ્દાઓનો નિર્ણય કરવો જરૂરી છે પરંતુ હાલના તબક્કે સભાનતાપૂર્વક તે બાબતે મંતવ્ય આપવાનું અત્રેની અદાલત ટાળે છે કે, વાદીની નાણાંકીય સક્ષમતા હતી કે કેમ, અને પ્રતિવાદીએ જે એકરારનામુ કરી પોતાની લ્હેણી રકમ સ્વીકારેલ છે તે યોગ્ય છે કે કેમ, તેનો નિર્ણય અપીલના તબકકે આખરી સુનાવણીના અંતે કરવો યોગ્ય જણાય છે પરંતુ તે હકીકત છે કે, આ કામે જે હુકમ અને હુકમનામું થયેલ છે તે નાણાંકીય બાબત અંગેનું છે અને જયારે નાણાંકીય બાબત હોય ત્યારે તે સંપૂર્ણપણે એકદમ જ ખોટો ઓર્ડર હોય તે સંજોગોમાં જ હુકમ બિનશરતી સ્ટે કરવાનો હોય છે. આ કામે એકરારનામુ ધ્યાનમાં લેતાં ઓર્ડર સંપૂર્ણપણે ખોટો છે તે તારણ ઉપર હાલ આવી શકાય તેમ નથી. અપીલ પણ મેરીટ ઉપર નકકી થાય તે યોગ્ય જણાય છે. તે સંજોગોમાં હુકમનામું બિનશરતી સ્ટે કરવું યોગ્ય જણાતું નથી પરંતુ હુકમનામું જે રૂા. ૨૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) ૬% વ્યાજ સાથે ચૂકવવા માટેનું છે તે હુકમનામા પૈકીની ૨૫ % રકમ આ

કામના પ્રતિવાદી જો દિન–૩૦ માં જમા કરાવે તો, આ કામે ટ્રાયલ કોર્ટે કરેલ હુકમનામું સ્ટે કરવું યોગ્ય જણાય છે. આ કામે એપેલેન્ટ તરફે જે વૈકલ્પિક દાદ છે કે, તેની જમીનને સીકયોરીટી તરીકે સ્વીકારવી જોઇએ પરંતુ તેની જ રજૂઆત પ્રમાણે તેના ઉપર બોજો છે અને તે બોજો હજુ સુધી દૂર થયેલ નથી તે દૂર કરવાની ખાતરી આપે છે પરંતુ હાલ તેના ઉપર બોજો છે તે હકીકત અને તે સંજોગોમાં નાણાંકીય દાદ હોવાથી બોજાવાળી જમીનને સીકયુરીટી તરીકે સ્વીકારવા માટેની તે રજૂઆત ગ્રાહ્ય રાખવી યોગ્ય જણાતી ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

આ કામના એપેલેન્ટને રૂા. ૨૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા)ની ૨૫% રકમ દિન–૩૦ માં જો તે નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવે તો નામદાર ટ્રાયલ કોર્ટનો તા. ૦૭/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ અને હુકમનામું સ્ટે કરવામાં આવે છે.

બંને પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

નામદાર ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવા યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

મું. પાલનપુર.
તા. ૩૦/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઇ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩